# ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા ૩ દિવસનો ( તા. ૧૯-૧૨-૨૦૧૭ થી ૨૧-૧૨-૨૦૧૭ સુધી) **ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી** અંગેનો તાલીમ કાર્યક્રમ આયોજીત કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં કુલ ૪૬ તાલીમાર્થીઓએ (ભાઇઓ અને બહેનો) ભાગ લીધેલ.

આ તાલીમમાં આમળની વિવિધ બનાવટો, દુધની વિવિધ બનાવટો, ટામેટાની વિવિધ બનાવટો જેવી કે સોસ, કેચપ, પ્યુરી વિ. , મગફળીમાથી દુધ , સોયા મિલ્ક બનાવવાની રીત, ધાન્ય પાકમાં મુલ્ય વૃધ્ધિ, શાકભાજીમાં મુલ્ય વૃધ્ધિ , સોલાર ડ્રાયરથી કૃષિ પેદાશોની સુકવણી અને બિન-પરંપરાગત ઉર્જાનો ફૂડ પ્રોસેસીંગમાં ઉપયોગ, ફળ અને શાકભાજીનું ડબ્બા પેકીંગ જેવા વિષયો પર વિષય-નિષ્ણાતો દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, વિડીઓ અને પ્રાયોગિક કાર્યો દ્વારા સમજ આપી. આ ઉપરાંત ફૂડ પ્રોસેસીંગ અને મુલ્ય વર્ધનની જરૂરિયાત અને આવશ્યકત્તા અંગે પણ તાલીમાર્થીઓને માહિતગાર કરેલ.

તાલીમાર્થીઓને એક્ષ્પીરેન્શીઅલ લર્નીંગ યુનિટમાં એક્સ્ટ્રુડેટ બનાવટો, કેનીંગ પ્રોસેસ, પાવડર બનાવવાની મશીનરી અને પ્રોસેસ, જ્યુસ લાઇન, શાકભાજીનું ફ્રોઝન વિષે તેમજ કોલેજના બાયો-એનર્જી પાર્ક, કોલેજે વિકસાવેલ વિવિધ પ્રોસેસીંગ મશીનો, કોલેજના વિવિધ વિભાગો, યુનિવર્સિટી મ્યુઝિયમ વગેરેની મુલાકાત લીધેલ. આ મુલાકાત દરમિયાન એસ.એસ.કાપડી, પ્રાધ્યાપક અને વડા, કે. વી. વાળા, મદદનીશ પ્રાધ્યાપક તાલીમાર્થીઓને સાથે રહી વિગતે સમજાવી અને જરૂરી માર્ગદર્શન. આપેલ.










